# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર

## થ્રી વ્હીલરની યોજના (GOG) (2026-27)

### યોજનાનો હેતુ :-

સ્વરોજગાર મેળવવા માટે થ્રી વ્હીલર વાહન મેળવવા ઇચ્છતા અનુસૂચિત જાતિના વ્યક્તિને આર્થિક રીતે મદદરૂપ થવા ખુબ જ હળવા દરે લોન આપવામાં આવે છે.

| ક્રમ | યોજના | વર્ષ | યુનીટ કોસ્ટ | લભાર્થી ફાળો | નિગમની લોન | અંદાજીત યુનીટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | થ્રી વ્હીલરની યોજના | ૨૦૨૬-૨૭ | 3,00,000/- | 0/- | 3,00,000/- | ૨૭૫ |

### નિયમો અને શરતો

(૧) અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના હોવા જોઇએ.

(૨) અરજદારના કુટુબની કુલ વાર્ષિક આવક રૂ.૬.00 લાખ કે તેથી ઓછી હોવી જોઇએ.

(3) અરજદારની ઉમંર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ

(૪) આ યોજનાનો વ્યાજનો દર 3% રહેશે. અને નિયનિત હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨ % દંડનીય વ્યાજ લેવામાં આવશે.

(૫) આ યોજનાની વસુલાત નિયત કરેલ ૯૬ માસીક હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાના રહેશે

(૬) અરજદાર કે અરજદારના કુટુબ માંથી કોઇ પણ સભ્યએ અગાઉ નિગમ / કોઇપણ સરકારી / અર્ધ સરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લેધેલ હોવી જોઇએ નહી.

(૭) અરજદાર કે અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઇએ નહી.

(૮) સંબંધિત વાહન ચલાવવા માટેનું લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

### આ યોજના માટે રજુ કરવાના ડોક્યુમેન્ટ

### (અ) ઓનલાઇન અરજી કરતી વખતે (અપલોડ કરવા)

(૧) ઓળખનો પુરાવો ( કોઇ એક )
- આધારકાર્ડ
- ચુંટણીકાર્ડ
- ડ્રાઇવીંગ લાઇસન્સ
- પાનકાર્ડ

(૨) ઉંમરનો પુરાવો

(3) જાતિનો પુરાવો

(૪) આવકનો પુરાવો

(૫) રહેઠાણનો પુરાવો (કોઇ એક)
- આધારકાર્ડ
- ચુંટણીકાર્ડ
- રેશનકાર્ડ
- લાઇટ બિલ

(૬) ફોટો અને સહિ

(૭) રેશનકાર્ડ

## (બ) પસંદગી થયા બાદ (ઓફલાઇન જીલ્લા કચેરી રૂબરૂ)

(૧) ચૂંટણીકાર્ડની પ્રમાણિત નકલ

(૨) અરજદારના બેંક ખાતાના પોસ્ટડેટેડ ચેક

(૩) બેંકમાં કોઇ લેણું બાકી નથી, તે અંગેનું NO DUE સર્ટીફીકેટ

(૪) અરજદારે અગાઉ કોઇ સરકારી એજન્સી તરફથી સહાય મળેલ નથી, તે બાબતનું સ્ટેમ્પ પેપજ પર સોંગધનામુ.

(૫) રેવન્યુ સ્ટેમ્પ નંગ-૦૮

(૬) ધંધાને અનુરૂપ સાધન સામગ્રીની જરૂરીયાત મુજબ GST નંબર ધરાવતા ડીલર / વિક્રેતાનું કોટેશન.

(૭) ધંધાના સ્થળ માટેનો આધાર, ભાડાની દુકાન માટે ભાડાચીઠ્ઠી / પોતાની માલીકીની હોય તો તેનો આધાર.

(૮) રૂ.૧.૦૦ લાખ સુધી અધેસિવ સ્ટેમ્પ લગાવવાના રહેતા નથી તેમજ રૂ.૧.૦૦ થી વધુના ધિરાણમાં ધિરાણની રકમના ૦.૨૫% મુજબ અધેસિવ સ્ટેમ્પ તથા બાંહેધરીપત્ર પર રૂ.૩૦૦/- અને ખાત્રીપત્રક પર રૂ.૩૦૦ ના અધેસિવ સ્ટેમ્પ લગાવવા.

(૯) જામીનદાર.

(અ) રૂ.૫૦,૦૦૦/- સુધીની રકમના ધિરાણ માટે જામીન આપવાના રહેતા નથી.

(બ) રૂ.૫૦,૦૦૧/- થી રૂ.૧,૦૦,૦૦૦/- સુધીની રકમના ધિરાણ માટે એક જામીન આપવાના રહે છે.

- સરકારી / અર્ધસરકારી નોકરી કરતા કર્મચારી

અથવા

- ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર મિલકત ધરાવતી વ્યક્તિ. (સ્થાવર મિલકતના સંદર્ભમાં બોજાનોંધ કરાવવાની રહેશે. )

અથવા

- જાત જામીન એટલે કે, ધિરાણની રકમથી દોઢ ગણી રકમની પોતાની સ્થાવર મિલકત. બોજાનોંધ કરાવવાની રહેશે.

(ક) રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુની રકમના ધિરાણ માટે બે જામીન આપવાના રહે છે.

- સરકારી / અર્ધસરકારી નોકરી કરતા કર્મચારી

અથવા

- ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર મિલકત ધરાવતી વ્યક્તિ. (સ્થાવર મિલકતના સંદર્ભમાં બોજાનોંધ કરાવવાની રહેશે. )